ચૂંટણીઓ સરકારના આર્થિક સુધારાતરફી પગલાંની ગાડી ખોરવી ન નાખે તો સારું

મોદી સરકારના વિમુદ્રીકરણના નિર્ણયથી લઈને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સના અમલ સુધીના મક્કમ નિર્ધાર સુધી...દરેકેદરેક આર્થિક પગલાંની આકરામાં આકરી ટીકા કરવામાં આવી હતી. અર્થતંત્રનો વિકાસ પણ એને કારણે તાત્પૂરતો રુંધાયો. એમ છતાં મોદી સરકારે હિંમત હાર્યા વિના અને ચોમેરથી થતી એકધારી ટીકા સહન કરીને આર્થિક સુધારાને પંથે આગળ વધ્યા કર્યું. હવે ચાર વર્ષે ધીરે-ધીરે આ સુધારાની અસર દેખાવા માંડી છે.

જોકે અત્યારે તો માત્ર કેટલાક સંકેતો જ મળી રહ્યા છે પણ વૈશ્ર્વિક રોકાણકારોની વાત માનીએ તો ભારતનો ‘હાથી’ વધુ થોડાક આર્થિક સુધારા બાદ હવે દોડવા માટે તૈયાર છે.

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ)ના એક ટોચના અધિકારીએ તાજેતરમાં જણાવ્યું હતું કે ભારતનો આર્થિક વિકાસ હવે વેગ પકડશે, પરંતુ તરત તેમણે જ ભારપૂર્વક એવું પણ કહ્યું હતું કે એકધારા આર્થિક ગ્રોથ માટે આ સુધારાઓનો અમલ જરૂરી છે અને બૅંકિંગ સેકટરની તગડી - મજબૂત બેલેન્સશીટ્ની આવશ્યકતા પણ છે.

આઈએમએફના એશિયા ઍન્ડ પેસિફિક ડેવલપમેન્ટના ડિરેક્ટર ચાન્ગપોન્ગે એવું આર્થિક સુધારાઓની દિશામાં મોદી સરકારની કામગીરીની પ્રશંસા કરી હતી.

હવે વિશ્ર્વસ્તરના રોકાણકારો માને છે કે અસરદાર આર્થિક સુધારાઓના બાદ ભારતનો ‘હાથી’ દોડવાની તૈયારીમાં છે. જોકે માત્ર ભૂતકાળમાં કરાયેલા સુધારાઓથી વાત નહીં બને પણ વધુ સુધારાઓના અમલીકરણ પર ભાર મૂકવાની જરૂર છે. ભારત ચીને છેલ્લા દાયકામાં કર્યું તેમ ગ્લોબલ ગ્રોથ સર કરે ઘણું સારું રહે. તેની પાસે ક્ષમતા છે, વસતિ છે, વિશાળ માર્કેટ છે. બધું જ છે માત્ર અમલ જ એક મૂળ અને મુખ્ય મુદ્દો છે.

ભારતના ૭.૪ ટકાના આર્થિક વિકાસની વાત કરીએ તો હાલને તબક્કે આર્થિક દૃષ્ટિએ મોટા ઊભરી રહેલા દેશોમાં આ વિકાસ સૌથી ઊંચો છે અત્યારે ભારતનો આર્થિક ગ્રોથ રેટ ચીન કરતાં પણ વધુ છે. આજે ઘણાં રાષ્ટ્રો ભારતને નિહાળી રહ્યાં છે, તેઓ જુએ છે કે ભારત ચીનની જેમ અન્ય ગ્રોથ લીડર બનશે કે કેમ?

ભારત પાસે ઘણી સારી યોજનાઓ છે, પરંતુ એમાં ઝાઝી પ્રગતિ થઈ નથી. વિદેશી રોકાણકારોની આ ફરિયાદ છે. હવે ભારત સરકાર માળખાકીય સુધારણાઓ પર કામ કરી રહી છે અને આગામી ચૂંટણીઓ પણ મહત્ત્વની બની રહી છે.

આશા છે કે મોદી સરકાર સુધારાવાદી પગલાં અટકાવશે નહીં, કેમ કે આર્થિક સુધારાઓ જ ભારતનું ભાવિ નિશ્ર્ચિત કરશે. આશા છે કે ચૂંટણીઓ મોદી સરકારના સુધારાતરફી પગલાંની ગાડી ખોરવી નહીં નાખે.

એક વાર ‘હાથી’ દોડતો થશે પછી આર્થિક વિકાસ પર તેની પોઝિટિવ અસરો પડશે. વૈશ્ર્વિક નાણાકીય કટોકટીને લીધે વિકસીત અર્થતંત્રો મંદ પડી ગયા હતા ત્યારે ચીનના ઊંચા આર્થિક વિકાસને જોરે વૈશ્ર્વિક વૃદ્ધિદર જળવાઈ રહ્યો હતો.

હવે ચીનનો વિકાસદર નીચે આવી ગયો છે ત્યારે ભારતની આર્થિક વૃદ્ધિ વિકસી રહી હોવાના સમાચાર શુભ છે. કેમ કે ભારતના ઊંચા આર્થિક વિકાસથી વૈશ્ર્વિક અને પ્રાદેશિક વિકાસ જળવાઈ રહેશે એવો આશાવાદ છે. ભારત ઘરઆંગણાલક્ષી અર્થતંત્ર ધરાવે છે, પરંતુ તેણે ખૂલવાની, વધુ ખૂ લવાની જરૂર છે. ભારતે વધુને વધુ આંતરરાષ્ટ્રીય કડીઓ ધરાવવાની જરૂર છે. આને લીધે વિશ્ર્વને લાભ થશે. એશિયા અને વિશ્ર્વસ્તરના અન્ય રાષ્ટ્રોની સરખામણીએ ભારતે ઘણાં હિંમતભર્યા આર્થિક સુધારાઓ અમલી કર્યા હોવાના દાખલા છે. સુધારાઓના અમલમાં કેટલાક અવરોધો આવે એ શક્ય છે. લોકો એમ પણ કહે કે કેટલાંક એટીએમ મશીનોમાં રોકડ નથી અને જીએસટીના અમલમાં કેટલીક ખામીઓ સર્જાઈ છે, પરંતુ શું તેઓ મોટું ચિત્ર જોઈ નથી શકતા? જીએસટીના અમલથી ભારતના વિકાસને માત્ર મદદ નહીં મળે પણ એ દોડવા માંડશે.

યાદગાર પ્લેટીનમ જ્વેલરીની ભેટ આપી ઉજવો મધર્સ ડે

તમારું અસ્તિત્વ તેના કારણે જ છે. તમારી જીવનગાથા તેનાં પેટમાંથી શરૂ થઈને તમે જ્યાં સુધી સ્વતંત્ર વ્યક્તિ નથી બનતાં ત્યાં સુધી તેના પ્રેમનાં છાંયામાં પાંગરે છે. તે તમારા માટે ખાસ છે. તે તમારા જીવનમાં વિવિધ ભૂમિકાઓ ભજવે છે. જે અન્ય કોઈ ભજવી શકતું નથી. તમે પણ તેના માટે સર્વસ્વ છો. તે તમારી મા છે. તે તમને બિનશરતી પ્રેમ અને હૂંફ આપે છે અને તે જ તમારા માટે ખાસ છે.

બાળક તરીકેનાં પરાવલંબનથી માંડીને ગાઢ મિત્રતા સુધી માતા સાથે ગાળેલી તમામ ક્ષણો તમારા માટે યાદગાર બની જાય છે. તમારી માતા સાથેનો તમારો ગાઢ ઋણાનુબંધ એક ખાસ પ્રકારની ભેટથી સન્માનવો જોઈએ અને તે છે પ્લેટિનમ.

પ્લેટિનમ એ વિશ્વમાં મળતી અલભ્ય અને કિંમતી ધાતુ છે. તે સોના કરતાં ૩૦ ગણું અલભ્ય છે. તેને સમય જતાં કોઈ નુકસાન થતું નથી. આ ભેટ આપીને તમે તમારી માતા પ્રત્યેનો તમારા પ્રેમ યાગ્ય રાત વ્યક્ત કરા શકા છો. આ મધર્સ ડે નિમિત્તે તમે ખાસ ડિઝાઈન કરવામાં આવેલાં નેકલેસ, પેન્ડન્ટ્સ, બ્રેસલેટ્સ, સરળ પરંતુ સુંદર દેખાતી ચેઈન તમારી માતાને ભેટમાં આપી શકો છો. આ સુંદર પ્લેટિનમનાં ઘરેણાં જોઈને તેનું દિલ પણ ખૂબ જ ખુશ થઈ જશે.

આ મધર્સ ડે નિમિત્તે તમારી માતાને પ્લેટિનમની અમૂલ્ય ભેટ આપો.

પ્લેટિનમનાં ઘરેણાંની રેન્જ રૂ. ૪૦ હજારથી શરૂ થાય છે. તે ધાતુનાં કદ અને વજન ઉપર આધાર રાખે છે. આ ઉપરાંત તેમાં જે હીરા જડવામાં આવ્યા છે તેના આધારે તેની કિંમત વધતી રહે છે. -

સ્પીડો ઈન્ડિયા દ્વારા નવી ફિટનેસ એમ્બેસેડર તરીકે પરિણીતી ચોપરાનું સ્વાગત કરાયું

અમદાવાદ, દુનિયાની અવ્વલ સ્વિમવેર બ્રાન્ડ સ્પીડો દ્વારા તેની નવી ફિટનેસ એમ્બેસેડર તરીકે બોલીવૂડની અભિનેત્રી અને ફિટનેસની શોખીન પરિણીતી ચોપરાને જાહેર કરવામાં આવી છે. સ્પીડો ઈન્ડિયા માટે નવો ચહેરો તરીકે પરિણીતી દુનિયાભરના પ્રતિષ્ઠિત ઓલિમ્પિયન્સ, એથ્લેટ્સ અને ટ્રેનર્સના કાફલામાં જોડાશે.

સ્પીડો બ્રાન્ડ તરીકે પરફોર્મન્સ સ્વિમવેર સાથે પ્રતીકાત્મક છે અને તેની વૈશ્વિક કેમ્પેઈન ઈંગેટસ્પીડોફિટ થકી તે ફિટનેસ માટે સ્વિમિંગનો દરજ્જો વધારવા અને ફિટ થવા માટે અને સંપૂર્ણ બોડી વર્કઆઉટ હાંસલ કરવા માટે વોટર વર્કઆઉટ્સ આગામી મોટો પ્રવાહ છે તેની પર ભાર આપવા માટે કામ કરી રહી છે.

બ્રાન્ડ સાથે આ સહયોગ વિશે બોલતાં પરિણીતી કહે છે, સ્પીડો ઈન્ડિયા માટે ફિટનેસ એમ્બેસેડર તરીકે મને લેવામાં આવી તેની મને બેહદ ખુશી છે. હું સ્પીડો સ્વિમ સૂટ્સ પહેરીને મોટી થઈ છું અને મારે માટે સ્વિમિંગ સ્પીડો સાથે પ્રતીકાત્મક છે. દુનિયાભરમાં ફેવરીટ સ્પીડો હવે ફિટનેસ અને એકંદર આરોગ્યની ઉજવણી કરે છે તે મને ગમે છે. સ્વિમિંગ હંમેશાં ઉત્તમ વર્કઆઉટ રહ્યું છે, જેને મેં મોટે ભાગે અપનાવ્યું છે, જે જિમમાં વર્કઆઉટ કરવાનો કંટાળો આપતું નથી. હવે વોટર વર્કઆઉટ્સના વધતા પ્રવાહ સાથે લેન સ્વિમિંગ કરતાં શેપમાં આવવા માટે પૂલમાં ઘણું બધું કરી શકાય છે અને સ્પીડોને વધુ ને વધુ ગ્રાહકોને તેમના ફિટનેસના નિત્યક્રમને બદલવા અને પૂલને તેમની નવી જિમ બનાવવા માટે પ્રોત્સાહન આપીને ફિટનેસ પ્રત્યે તેની કટિબદ્ધતા પર ભાર આપવામાં મદદરૂપ થવાની મને ખુશી છે. (૨૨-૧)

શકુન પોલીમર્સે આઈપીઓ માટે સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યા

મુંબઈ, વાયર એન્ડ કેબલ બજાર માટે વિવિધ ક્ષેત્રોમાં અગ્રણી કંપનીઓમાંની એક શકુન પોલીમર્સ લિમિટેડ (“કંપની” અથવા “શકુન”)એ કંપનીનાં પ્રસ્તાવિત આઈપીઓ માટે બજાર નિયમનકાર સેબીમાં ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (“ડીઆરએચપી”) ફાઈલ કર્યા છે. આ ઓફરમાં રૂ. ૭૫૦ મિલિયન (“ફ્રેશ ઈશ્યૂ”)નાં નવા ઈક્વિટી શેર અને “વિક્રેતા શેરધારકો”નાં ૧,૮૦૦,૦૦૦ ઈક્વિટી શેરની “વેચાણની ઓફર” સામેલ છે.

કંપનીએ ફ્રેશ ઈશ્યૂમાંથી થનારી ચોખ્ખી આવકનો ઉપયોગ હેલોજન ફ્રી ફ્લેમ રિટાર્ડન્ટ (“એચએફએફઆર”) સંયોજનોનાં ઉત્પાદન માટે નવું એકમ સ્થાપિત કરવા અને સામાન્ય કોર્પોરેટ કામગીરી પાર પાડવા કર્યો છે.

શકુન ISO-૯૦૦૧સર્ટિફાઈડ કંપની છે, જેનું હેડક્વાર્ટર વડોદરામાં છે તથા ગુજરાતમાં હાલોલ જિલ્લામાં બે ઉત્પાદન સુવિધાઓ અને દમણમાં એક ઉત્પાદન સુવિધા ધરાવે છે, જેની કુલ સ્થાપિત વાર્ષિક ક્ષમતા ૨૫,૦૦૦ એમટી છે. શકુન એચએફએફઆર સંયોજનોનાં ઉત્પાદન માટે ભારતમાં સૌપ્રથમ કંપનીઓમાંની એક છે અને ભારતમાંથી એચએફએફઆર સંયોજનો માટેની અગ્રણી નિકાસકાર કંપનીઓમાંની એક છે.

ભારતમાં ઉત્પાદન એકમો ઉપરાંત શકુને એશિયા, મધ્ય પૂર્વ, આફ્રિકા અને દક્ષિણ અમેરિકામાં વિવિધ દેશોમાં તેની કામગીરી ધરાવે છે. કંપની પોતાનાં ઉત્પાદનોમાંથી ૫૦ ટકા હિસ્સાની નિકાસ આંતરરાષ્ટ્રીય બજારોમાં કરે છે. કંપનીનાં કેટલાંક સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ગ્રાહકોમાં પોલીકેબ વાયર્સ પ્રાઈવેટ લિમિટેડ, કેઈઆઈ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, કેઈસી ઈન્ટરનેશનલ લિમિટેડ, આરઆર કેબલ લિમિટેડ, અપર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, દુબઈ કેબલ કંપની (પ્રાઈવેટ) લિમિટેડ, અલ્ફનાર કેબલ્સ, ટેકાબ કંપની લિમિટેડ, નુહાસ ઓમાન એલએલસી, મોઘાન વાયર એન્ડ કેબલ કંપની તથા આભાર વાયર એન્ડ કેબલ કંપની સામેલ છે. (૧)

જૂનાગઢ જીલ્લામાં પાણી પુરવઠા બોર્ડની ૧૧૦૦ કિમી પાઈપલાઈનમાં ૧૯૧૬ એરવાલ્વનું નિરીક્ષણ કરી મરામત થશે

જૂનાગઢ, જળ એ જીવન છે. પાણી એ પરમકૃપાળુ પરમાત્માએ માનવજાતને આપેલ મહામૂલો પ્રસાદ છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ સુજલામ-સુફલામ જળ અભિયાન દ્વારા રાજયમાં જળ સંચય માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તા.૦૧-૦૫-૧૮ થી તા.૩૧-૦૫-૧૮ દરમ્યાન ચાલનાર આ અભિયાનમાં જુનાગઢ જીલ્લામાં અન્યપ વિભાગોની સાથે-સાથે પાણી પુરવઠા વિભાગ દ્વારા પણ નોંધપાત્ર કામગીરી પણ શરૂ કરવામાં આવેલ છે. જીલ્લામાં પાણી પુરવઠા બોર્ડની નર્મદા/ઓઝત-૨/ભાદર આધારીત કુલ ૧૩ જુથ પાણી પુરવઠા યોજનામાં કુલ ૪૫૯ ગામો સમાવિષ્ટ થયેલ છે. જેની કુલ ૧૧૦૦ કીમી. પાઈપલાઈન નેટવર્કમાં કુલ ૧૯૧૬ જેટલા એરવાલ્વોનું નિરીક્ષણ અને અને મરામત કરવાનું આયોજન હાથ ધરાયુ છે, જેમાં પાઈપલાઈન/વાલ્વનમાં લીકેજથી થતા પાણીના બગાડ અટકાવવા સારૂ જરૂરી રીપેરીંગની કાર્યવાહી સહ જરૂરીયાતે વાલ્વવ રીપ્લે સમેન્ટાની કામગીરીઓ પણ હાથ ધરવામાં આવેલ છે. આ સિવાય વાસ્મો દ્વારા ચોમાસા પહેલાના પ્રિ-મોન્શૂવન કાર્યક્રમ અંતર્ગત જીલ્લાઆના દરેક ગામમાં પીવાના પાણીના હયાત સોર્સનું પૃથ્થકરણ કરાવવામાં આવી રહેલ છે. જેની સાથે-સાથે સ્વઆચ્છ તા અભિયાન, કલોરીનેશન, જળ સંગ્રહની જરૂરીયાત, પાણી બગાડ અટકાવવા જેવી બાબતોએ જન-જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવેલ છે. જે માટે લોકોને જરૂરી સમજણ આપવા સારૂ ગામે-ગામે પ્રચાર અને પ્રસાર માટે બેનર્સ, પોસ્ટગર સહિતની વિવિધ આઈ.ઈ.સી. પ્રવૃતિઓ શરૂ કરવામાં આવેલ છે. સરકારશ્રીના તાજેતરના પીવાના પાણી અંગેના મહત્વાકાંક્ષી ૨૪ ટ ૭ કાર્યક્રમ અંતર્ગત જીલ્લા માં કેશોદ તાલુકાનું સાંગરસોલા ગામ પસંદ થયેલ છે. પાણી પુરવઠા બોર્ડ દ્વારા ગત વર્ષે સોર્સ રીર્ચાજીંગના હેતુસર આ ગામના તળાવમાં બોરબ્લા સ્ટીંગ પધ્ધ તિથી ૯ બોરનું ૧ યુનિટ તેવા ૭ યુનિટ શારવામાં આવેલ છે. સદરહુ જળ સંગ્રહ અભિયાન અંતર્ગત ગામના તળાવમાંથી ઉપરોકત બોર ડીસ્ટમર્બ ન થાય તે રીતે કાંપ કાઢવાનું તેમજ ગામના ચેકડેમને ઉંડો કરવાનું કામ સુચિત કરવામાં આવેલ છે. જે કામગીરીઓ થયે આ ગામ તેમજ આજુ-બાજુના ગામના હયાત કુવા અને બોર કાયમી ધોરણે રીર્ચાજ થઈ શકશે તેમજ આ ગામમાં ૨૪ ટ ૭ યોજના સફળતાપૂર્વક અમલીકૃત થઈ શકશે, તેમ પાણી પુરવઠા બોર્ડની યાદીમાં જણાવેલ છે.

રોહિત પૂરોહિતની સેલ્ફી - મેરેથોન!

સોની એન્ટરટેઈન્મેન્ટ ટેલિવિઝનના ખૂબ જ લોકપ્રિયતા હાંસલ કરી રહેલા શોમાં એલેક્ઝાન્ડર ધ ગ્રેટની ભૂમિકા ભજવી રહેલા હેન્ડસમ કલાકાર રોહિત પૂરોહિતે પોતાની અભિનય શક્તિથી સૌના દિલ જીતી લીધા છે. આ અભિનેતા તાજેતરમાં તેના હોમટાઉનમાં એક પારિવારિક કાર્યક્રમમાં હાજરી આપવા આવ્યો હતો. આ અભિનેતાએ ઘણા લાંબા સમય પછી પોતાના ઘરે પરત આવીને તેના તમામ સંબંધીઓને સરપ્રાઈઝ આપી હતી. રોહિતને પોતાની સાથે જોઈને તેઓ ખૂબ જ ખુશ થયા હતા. જ્યારે અમે તેને મળ્યા ત્યારે રોહિતે જણાવ્યું હતું કે, “હું લાંબા સમય પછી ઘરે ગયો હતો. હું એક ડેઈલી સોપ (દૈનિક ટીવી શો)નો હિસ્સો હોવાથી મુસાફરી કરવી ખૂબ મુશ્કેલ થઈ જાય છે. પરંતુ આ વખતે, અમારે ત્યાં ખૂબ જ ભવ્ય ઉજવણી હોવાથી હું તેને છોડવા માંગતો નહોતો. - આ પાર્ટી મારા પિતા કામમાંથી નિવૃત્ત થયા તે નિમિત્તે હતી. અમારા બધા સંબંધી અને મિત્રો ત્યાં આવ્યા હતા, આથી હું તેને મિસ કરવા માંગતો નહોતો?”

રોહિતે આ ઉજવણી માટે બે દિવસનો વિરામ લીધો હતો. પરંતુ આ અભિનેતાએ તેના સ્ટારડમની કિંમત પણ ચુકવવી પડી હતી - તેણે પોતાના તમામ મિત્રો અને સંબંધીઓ સાથે સેલ્ફી પડાવવી પડી હતી. રોહિતે અમને જણાવ્યું હતું કે, “હું માત્ર બે દિવસ માટે જયપુરમાં હતો અને મારા પરિવાર સાથે રહેવા માટે મારી પાસે વધુ સમય નહોતો. મારે થોડા સમયમાં ૪૦૦-૫૦૦ સંબંધીઓને મળવાનું હતું! હું પાર્ટીમાં ચાર કલાકથી વધુ સમય રહ્યો હતો અને તે સમયમાં બધા સાથે માત્ર સેલ્ફી ક્લિક કરવામાં જ સમય વીતી ગયો હતો!” (૧૯-૮)

યસ બેંકને ભારતની બેસ્ટ બેંકનો એવોર્ડ

મુંબઈ, ભારતમાં ખાનગી ક્ષેત્રની ચોથી સૌથી મોટી બેંક યસ બેંકને બ્રિટનનાં યુરોમની ગ્રૂપનો ભાગ પ્રતિષ્ઠિત ગ્લોબલ ફાઈનાન્શિયલ પબ્લિકેશન એશિયામની દ્વારા હોંગકોંગમાં આયોજિત એશિયામની બેસ્ટ બેંક એવોર્ડ્સ ૨૦૧૮માં “બેસ્ટ બેંક ઇન ઇન્ડિયા ફોર સ્મોલ એન્ડ મીડિયમ-સાઈઝ એન્ટરપ્રાઈઝીસ (એસએમઈ)” એવોર્ડ એનાયત થયો હતો. યસ બેંકને આ એવોર્ડ મહિલાઓની માલિકીનાં ઉદ્યોગસાહસો સાથે સંબંધિત પહેલો, એસએમઈ માટે માર્ગદર્શક પ્રોગ્રામ અને જીએસટીમાં સરળતાપૂર્વક સ્થળાંતરણ માટે ટેકનોલોજીનાં ઉપયોગ માટે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

ગયા વર્ષે યસ બેંકને નાણાકીય સર્વસમાવેશકતાને પ્રોત્સાહન આપવા ગ્રીન ફાઈનાન્સ અને ડિજિટલ ટેકનોલોજી સાથે સંબંધિત પહેલો માટે ‘એશિયામની એવોર્ડ-૨૦૧૭’માં ‘બેસ્ટ બેંક ઇન ઇન્ડિયા ફોર સીએસઆર’ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

આ અંગે યસ બેંકનાં એમડી અને સીઈઓ શ્રી રાના કપૂરે કહ્યું હતું કે, “આ પ્રકારનાં પ્રતિષ્ઠિત ગ્લોબલ પ્લેટફોર્મ પર એક વખત ફરી એવોર્ડ મળવો કોઈ પણ સંસ્થા માટે ખરેખર ગર્વની બાબત છે. આ એવોર્ડ દેશમાં એમએસએમઈને ટેકનોલોજી-સંચાલિત બેંકિંગ સોલ્યુશન્સ આપવા અમારાં પ્રયાસોને વધારે મજબૂત કરે છે. યસ જીએસટી, ધિરાણને વેગ આપવા માટે એમએસએમઈ માટે વિશિષ્ટ ક્રેડિટ-સ્કોરિંગ, ઈઆરપી-આધારિત પેમેન્ટ સોલ્યુશન્સ વિકસાવવા જેવી ઉદ્યોગમાં સૌપ્રથમ ઓફર મારફતે એમએસએમઈને જાણકારી, માર્ગદર્શન અને ફંડ આપવા જેવી અમે વિશિષ્ટ પહેલો હાથ ધરી છે તેમજ તાજેતરમાં જીએસટી-રિટર્ન્સ ફાઈલ કરવા સામે ઓડી (ઓવરડ્રાફ્ટ) સુવિધા લોંચ થઈ છે, જે દેશની એમએસએમઈ ઈકોસિસ્ટમને મજબૂત કરવાની અમારી કટિબદ્ધતાને મજબૂત કરે છે.” (૧)

સ્માર્ટ્રોન દ્વારા ટીબુક ફ્લેક્સ લોન્ટ કરાઈ

સ્માર્ટ્રોન દ્વારા ટીબુક ફ્લેક્સ લોન્ટ કરાઈ: ફ્લેક્સ પીરિયન્સના ૧૫૦ ડિ. સાથે મલ્ટી- ફંકશનલ ૨-ઈન-૧ લેપટોપભારતની પ્રથમ વૈશ્વિક ટેકનોલોજી ઓઈએમ અને અવ્વલ આઈઓટી બ્રાન્ડ સ્માર્ટ્રોન દ્વારા આજે મલ્ટી ફંકશનલ હાઈ પર લેપટોપ ટીબુક ફ્લેક્સ (ર્હ્વા કર્જ્ઞીટ)ની ભાવિ પેઢીનું લોન્ચ કરવામાં આવ્યું હોવાની જાહેરાત કરવામાં આવી હતી. આકર્ષક કિંમતે ૨-ઈન-૧ લેપટોપ્સ માટે ઉત્તમ સ્પેક્સ અને ફીચર્સ લાવતાં ટીબુક ફ્લેક્સ ૧૩ મે, ૨૦૧૮ની મધરાતથી આરંભ કરતાં ફ્લિપકાર્ટ પર ખાસ એમ૩ અને આઈ૫ વર્ઝન માટે અનુક્રમે રૂ. ૪૨,૯૯૦ અને રૂ.૫૨,૯૯૦માં મળશે.

ટીબુક પ્લેક્સ માટે લોન્ચ કેમ્પેઈનઈં ધ ફ્લેક્સ પીરિયન્સ વર્ક અને પ્લે વચ્ચે આસાનીથી મુવ કરવાની સુવિધા આપતા આ ડિવાઈસની સાનુકૂળતા આલેખિત કરે છે. તે ગેમ ઓફ થ્રોન્સનો એપિસોડ જોતા હોય કે પોપ ઈન થતા ઈમેઈલને ઝડપથી પ્રતિસાદ આપવાનું કે ટેબ્લેટ મોડ સાથે તમારી મનગમતી ગેમ રમવાની હોય ટીબુક પ્લેક્સ એકઝાટકે વિવિધ ભૂમિકાઓમાં સ્વિચ કરવાની સુવિધા આપે છે. ટીબુક ફ્લેક્સ હંમેશાં હરતાફરતા રહે છે અને વધુ મોબિલિટી, ઉત્પાદકતા અને પરફોર્મન્સ સાથે મલ્ટીપરપઝ અને મલ્ટીફંકશનલ લેપટોપ આવશ્યક હોય તેમને માટે તૈયાર કરવામાં આવ્યું છે.

તેની અનોખી ડિઝાઈનમાં ૧૨.૨ ઈંચ ડબ્લ્યુક્યુએસજીએ ડિસ્પ્લે, ૨૫૬૦ટ૧૬૦૦ રિઝોલ્યુશન ઉપભોક્તાઓને અદભુત મલ્ટીમિડિયા અનુભવ આપે છે. મલ્ટી- ટચ ડિસ્પ્લે તમારા આંગળીના સ્પર્શને અને સ્ટાઈલસ પેનને અચૂક રીતે પ્રતિસાદ આપે છે. સુંદર ડિસ્પ્લે સાથે ફ્રન્ટ અને રિયર કેમેરા, ડ્યુઅલ માઈક, શક્તિશાળી સ્પીકર્સ અને ફાસ્ટ ડ્યુઅલ- બેન્ડ વાયફાય ઉપભોક્તાઓ માટે મલ્ટીમિડિયા પાવરહાઉસ લાવે છે. (૧૯-૧૦)

કલર્સ ગુજરાતી તેમજ રેડ એફએમ દ્વારા આમરસ પાર્ટીનું ભવ્ય આયોજન

કલર્સ ગુજરાતીના દર્શકો અને રેડ એફએમના શ્રોતાઓ માટે અમદાવાદની પ્રસિદ્ધ નોવોટેલ હોટેલમાં આમરસ પાર્ટીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કલર્સ ગુજરાતીની ધારાવાહિક લક્ષ્મી સદૈવ મંગલમની નાયિકા લક્ષ્મી અને દિકરી વહાલનો દરીયો ધારાવાહિકની નાયિકા કિંજલ ભટ્ટ અને રેડ એફએમના આર.જે. આયુષ કે જે રેડ એફએમ પર બપોરે ૧૧ થી ૧ વાગ્યા સુધી ભાભી કા શોને હોસ્ટ કરે છે. તેમજ ગુજરાતી ફિલ્મના નવયુવાન કોમેડીયન મૌલિક પર ઉપસ્થિત રહ્યા હતા અને શ્રોતાઓ અને દર્શકો માટે મનોરંજક કાર્યક્રમ અને ક્વીક શોનું પણ આયોજન કરાયું હતું.

જળસંચય અભિયાનથી ભૂર્ગભ જળ ભંડાર વધશે અને જળ સ્તર ઉંચા આવશે : રાજયમંત્રી શ્રી જયદ્રથસિંહ પરમાર

પંચમહાલ જિલ્લામાં સુજલામ-સુફલામ જળસંચય અભિયાન હેઠળ તળાવો, ચેક ડેમો ઉંડા કરવા, નદી પુનર્જીવિત કરવી, નહેરોની સાફ-સફાઈ મરામત જેવા ૧૬૮૫ જેટલા જળસંચય અને જળસંગ્રહના રૂ.૧૭.૪૭ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવ્યા છે. જિલ્લામાં લોકભાગીદારીથી ૩૪૫ તળાવો તથા ૧૧૫ ચેકડેમ ઉંડા કરવાના કામો પુરજોશમાં ચાલી રહયા છે. જેથી આવનાર સીઝનમાં જળસંચય અને જળસંગ્રહ શકિતમાં વધારો થશે. પંચાયત રાજયમંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારે આજે જાંબુઘોડા તાલુકાના કારા સહિત વિવિધ ગામોની મુલાકાત લઈ જળસંચય અભિયાન હેઠળ મનરેગા અંતર્ગત તળાવ ખોદકામ કરવાની કામગીરીનું જાત નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી એ.જે.શાહ ઉપસ્થિત રહયા હતા. રાજયમંત્રી શ્રી પરમારે જણાવ્યું કે, રાજયમાં એક માસ ચાલનારા જળસંચય અભિયાન હેઠળ રાજયના ૧૩ હજાર જેટલા તળાવો અને જળસ્ત્રોતોની ઉંડાઈ વધારવી, કાંપ કાઢવો, સમારકામ કરવા જેવા ૧૦૫૭૦ કામો કરવામાં આવશે જેના લીધે રાજયની જળસંગ્રહમાં ૧૧ લાખ કરોડ ઘન મીટરનો વધારો થશે. મંત્રી શ્રી પરમારે કારા ગામે મનરેગા યોજના હેઠળ તળાવો ઉંડા કરવાની કામગીરીનું નિરીક્ષણ કરી આ કામોથી થનાર લાભો અંગે ગ્રામજનો સાથે ચર્ચા કરી હતી.

તમે ખુદ તમારી જાતને ચાહી ના શકો તો કોઈ બીજું તમને ચાહે એવી અપેક્ષા વધુ પડતી નથી?

મને કોઈ પ્રેમ નથી કરતું’ આટલું બોલતા બોલતા એ ધ્રુસકેને ધ્રુસકે રોવા માંડી. મમ્મીએ એની પીઠ ઉપર હાથ ફેરવતા વોટર બોટલ આપી, એ થોડી સ્વસ્થ થઈ, બોટલમાંથી થોડું પાણી પીધું અને બીજા હાથમાં રહેલા ટીસ્યુ પેપરથી એણે આંસુ લૂછ્યાં. ’આ હાથે કેમ પાટો બાંધ્યો છે ?!’ એ વધુ સ્વસ્થ થાય તે ઈરાદાથી, મેં વાત બદલવા એના કાંડા ઉપર બાંધેલો પાટો જોઈને પૂછ્યું. એણે મારી સામે જોયું, એની આંખોમાં આક્રોશ હતો ’મને કોઈ પ્રેમ નથી કરતું, પછી મારે જીવીને શું કામ છે ?! ગઈકાલે રાત્રે મેં જ મારી જાતે હાથ ઉપર ચપ્પા માર્યા છે’ પછી એની મમ્મી સામે જોઈને બોલી ’આ લોકોએ પરાણે મને હોસ્પિટલ લઈ જઈને સારવાર કરાવી’ અને પાછી એની આંખો ભરાઈ આવી. ’ગઈકાલે એનું બ્રેક-અપ થઈ ગયું એટલે ડિસ્ટર્બ છે’ એની મમ્મીએ સ્પષ્ટતા કરી ’આવું તેની સાથે ત્રીજી વાર બન્યું છે.’ મેં બ્રેક-અપની વાત સાવ નજર અંદાજ કરતા કહ્યું ’કોઈ તને પ્રેમ નથી કરતું એ તારી વાત સાચી પરંતુ તું તારી જાતને પ્રેમ કરે છે ?!’ એ જવાબ આપે તેની રાહ જોયા વગર મેં આગળ ધપાવ્યું’ પાટા સિવાય પણ તારા હાથ ઉપર આ કાપાના જુના નિશાન છે તે બતાવે છે કે તું પણ તારી જાતને ધિક્કારતી હોઈશ’ એ ચૂપ હતી અને નીચી નજરે ધીમું ધીમું રોતી હતી. ’તમે ખુદ જો તમારી જાતને ચાહી ન શકતા હોવ તો કોઈ બીજું તમને ચાહે એવી અપેક્ષાઓ રાખવી જરા વધારે પડતી ના કહેવાય ?!’ વાત વ્યક્તિત્વ અને માનસમાં પોતાની હકારાત્મક છબી (પોઝીટીવ સેલ્ફ-એસ્ટીમ)ની છે. કોઈ આપણને ચાહે તે માટેની આ પ્રાથમિક જરૃરિયાત છે. પોતાની જાતને ચાહ્યા વગર કોઈને ચાહવું અઘરું છે, જાતને ધિક્કારતા રહીને કોઈપણ સંબંધ મજબૂત બનાવવો શક્ય નથી કારણ કે એ સંબંધ અવિશ્વાસ, અસલામતી અને લાગણીઓના અવલંબનની વચ્ચે પીસાતો જાય છે. પોતાની જાતને ચાહી શકો તો અન્યને ચાહી શકો, સંબંધની આગળ રહેલા ભવિષ્ય વિષે વિચારી શકો અને સ્થગિત થયેલી લાગણીઓ કે સંબંધને સ્વસ્થતાપૂર્વક સ્વીકારીને સહજીવન સંબંધી સાચા નિર્ણયો લઈ આગળ વધી શકો. પરંતુ, પોતે જ પોતાની જાતને ના ચાહી શકો તો અન્ય તમને ચાહે તેવી અપેક્ષાઓ મોટાભાગના કિસ્સાઓમાં પૂરી નથી થતી. સફળ અને મજબૂત સંબંધોમાં સાથીઓ પોતાની જાતને ચાહતા હોય છે, સાથીનો પ્રેમ મેળવવાના પોતે હકદાર છે તેમ માનતા હોય છે અને પોતાને મળવા પ્રેમને બમણો કરીને પાછો સાથી તરફ એટલી જ તીવ્રતાથી વહાવતા હોય છે. થોડું વધુ સ્પષ્ટ કરું. માનો કે હું મારી જાતને ચાહતો હોઉં તો સાથે સાથે માનતો પણ હોઉં કે હું ચાહવા યોગ્ય છું. હું ચાહવા યોગ્ય હોઉં તો મારો સાથી મને ચાહે એવી મારી અપેક્ષા ખોટી નથી અને સાથે સાથે હું સાથીને ચાહું તે મારો સ્વભાવ છે (સ્વભાવ એટલે સ્વ પ્રત્યેનો ભાવ જે સરવાળે અન્ય પ્રત્યેના ભાવ તરીકે વ્યક્ત થાય છે !). હવે જો આ તબક્કે મારો સાથી પણ મને ચાહે તો એક હકારાત્મક ચક્ર શરૃ થાય છે અને સંબંધ લાગણીઓથી સિંચાતો જાય છે, મજબૂત બનતો જાય છે. માનો કે, કારણો કોઈપણ હોય પરંતુ મારો સાથી મને નથી ચાહતો તો લાગણીઓનો પ્રવાહ એકતરફી વહે છે કારણ કે મારો સ્વભાવ છે ચાહવાનો, પણ સમય જતા આ વહેણ નબળું પડશે કારણ કે પ્રતિભાવ વગર કોઈપણ લાગણીઓ ટકાવી રાખવી અઘરી હોય છે. ધારો કે, મારો સાથી મને ચાહતો નથી પણ ધિક્કારે છે, તો લાગણીઓનો પ્રવાહ એકબીજાથી વિરુધ્ધ છે, ચાહત વિરુધ્ધ નફરત. શરૃઆતમાં પરસ્પર વિરુધ્ધ દિશાને કારણે ઘર્ષણ થાય છે, પરંતુ સમય જતા એને મારા પ્રેમનો અહેસાસ થાય અને એની નફરત પ્રેમમાં બદલાય તો હકારાત્મક ચક્ર શરૃ થાય અથવા મને એની નફરત મારા પ્રેમ કરતા વધુ સ્પર્શી જાય તો મારો પ્રેમ નફરતમાં બદલાય અને નકારાત્મક ચક્ર શરુ થાય. બંને કિસ્સાઓમાં સરવાળે ચક્ર પૂરું થાય અને સંબંધ ચાલે જાય. હકારાત્મક ચક્ર ચાલતું હોય તો સંબંધ મજબૂત થતો જાય અને નકારાત્મક ચાલતું હોય તો સંબંધ અંદરથી ખોખલો થતો જાય. હવે ધારો કે, હું મારી જાતને જ મનોમન વિવિધ કારણોસર ધિક્કારતો હોઉં તો સાથે સાથે માનતો પણ હોઉં કે હું ધિક્કારને યોગ્ય છું. પરંતુ સંબંધમાં તો સાથી મને ચાહે એવી અપેક્ષા જ રાખતો હોઉં કારણ કે મને મારે મારો સેલ્ફ-એસ્ટીમ ટકાવી રાખવા આ સ્વીકૃતિ જરૃરી છે. જો સાથી મને ચાહતો હોય તો મારી સ્વીકૃતિની ભૂખ વધતી જ જાય કારણ કે મનોમન તો હું મારી જાતને ધિક્કાર યોગ્ય જ ગણતો હોઉં. સરવાળે સંબંધમાં સાથી નિચોવાઈ જાય અને હું વધુને વધુ ’ડિમાન્ડીગ’ બનતો જાઉં. સરવાળે મારો સંબંધ પરોપજીવી બનીને રહે જેમાં એક આપતું જાય અને બીજું લેતું જાય ! હવે જો સાથી પણ મને ના ચાહે અથવા ધિક્કારે, જે આ કિસ્સાઓમાં મોડું વહેલું બનવાનું છે, કારણ કે સાથીને પણ આ વળતી લાગણીઓની અપેક્ષા હોય ને ?! આ સંજોગોમાં હું મારી જાતને મૂલવવાને બદલે સાથી નિષ્ઠુર-લાગણીહીન છે તેવી ફરિયાદો કર્યે જાઉં.

સૂચના

કૃપા કરી આપની જાહેરખબર
તથા સમાચાર અમારા
નિમ્નલિખિત
ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com